सत्यमेव जयते

**(નમુનો :–અ )** **આંક–**

## નેત્રંગ ના મ્હે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
## (શ્રી એચ.આર.ખમલ ) સાહેબની કોર્ટમાં, મુકામ : નેત્રંગ
## ચુકાદાની તારીખ – ૨૪/૦૬/૨૦૨૬
## ફોજદારી કેસ નં. ૧૫૦૦/૨૦૨૫

### ગુનાની વિગત

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(ઇ),૮૧,૯૮(૨) |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ.ર. નં.૧૧૧૯૯૦૦૫૨૦૦૭૫૦/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | નેત્રંગ પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત કારીયા | વિ.એ.પી.પી.શ્રી.પી.આર.ચૌધરી |
| આરોપીપક્ષ | **(૧) ચેતનભાઇ ઉર્ફે જીતુ જગનભાઇ ગોવિંદભાઇ પટેલ.**<br>ઉ.વ.૨૭, ધંધો– ડ્રાઇવીંગ<br>હાલ રહે. અંકલેકશ્વર જી.આઇ.ડી.સી. અિશ્વીની હાઇડ એપાર્ટમેન્ટ ,રૂમ નંબર–૩૦૩/બી ,તા.અંકલેકશ્વર ,જી.ભરૂચ. મુળ રહે. વેળાવદ તા.જી.નંદુરબાર (મહારષ્ટ્ર)<br><br>**(૨) હેમંતભાઇ ઉર્ફે મુન્નો અશોકભાઇ લીમજીભાઇ ચૌધરી.**<br>ઉ.વ.૨૫, ધંધો– ડ્રાઇવીંગ<br>હાલ રહે. અંકલેકશ્વર કાપોદ્રા પાટીયા,વૈભવપાર્ક સોસાયટી,તા.અંકલેકશ્વર ,જી.ભરૂચ. મુળ રહે. પુસનંદ તા.જી.નંદુરબાર (મહારષ્ટ્ર) |
| રજુઆત | આરોપીપક્ષે વિ.વ.શ્રી. કે.એફ.વસાવા |

**( નમુનો :–બ )**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૬/૧૦/૨૦૨૦ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૬/૧૦/૨૦૨૦ |
| અહેવાલની તારીખ | ૨૦/૦૧/૨૦૨૧ |
| ચાર્જફ્રેમની તારીખ | ૧૧/૦૫/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ |
| ચુકાદા રાખવા માટેની તારીખ | ૨૪/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૪/૦૬/૨૦૨૬ |
| સજા કરી હોય તેની તારીખ | |

**::આરોપીની વિગત::**

| આરોપીનુ અનુક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયાની તારીખ | ગુનો/ તહોમત | તકસીર વાન/ નિર્દોષ | સજા | સી.આર.પી.સી ૪૨૮ માટે કસ્ટીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચેતનભાઇ ઉર્ફે જીતુ જગનભાઇ ગોવિંદભાઇ પટેલ. | ૧૭/૧૦/૨૦૨૦ | ૨૧/૧૦/૨૦૨૦ | પ્રોહી કલમ– ૬૫(ઇ),૮૧,૯૮(૨) | નિર્દોષ છોડયા | – | |
| ૨. | હેમંતભાઇ ઉર્ફે મુન્નો અશોકભાઇ લીમજીભાઇ ચૌધરી. | ૧૭/૧૦/૨૦૨૦ | ૨૧/૧૦/૨૦૨૦ | | | | |

**(નમુનો:–ક)**

**ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે સાક્ષી યાદી**

| અનુક્રમ નં. | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ | ચંપકભાઇ રાજીયાભાઇ વસાવા | પંચ સાહેદ |
| ફ.સા.૨ | જગદીશભાઇ પાંચાભાઇ ભુતીયા | ફરીયાદી |

**ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે ન્યાયાલય ના આંકની યાદી**

| અનુ.ક | આંક | નામ |
|---|---|---|
| ૧ | ૦૯ | પંચ સાહેદ ચંપકભાઇ રાજીયાભાઇ વસાવાની જુબાની |
| ૨ | ૧૧ | ફરીયાદી જગદીશભાઇ પાંચાભાઇ ભુતીયાની જુબાની |
| ૩ | ૧૦ | પંચનામુ |
| ૪ | ૧૨ | ફરીયાદ |

**-: ઠરાવ:-**

## (૧) કેસની ટુંકમાં હકીકત

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ આ કામના તહોમતદારનાઓ પોતાના કબજામાની મારૂની સુઝુકી ઝેન એલ એક્ષ ,ગાડી નંબર- એમ.એચ.૦૪ એ.એચ-૮૪૩૨ માં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલો નંગ-૧૧૪ કિંમત રૂપિયા ૫૯૦૪૦/- તથા ફોર વ્હીલ ગાડી કિંમત રૂપિયા ૩૫૦૦૦/- તથા મોબાઇલ નંગ-૦૨ કિંમત રૂપિયા ૬૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦૦૦૪૦/- ના પ્રોહી મુદમાલ સાથે કુલવાડી ચોકડી પાસે પકડાઇ જઇ તેમજ આ મુદામાલ સુરેશભાઇ અમ્રતભાઇ પાટીલ, રહે. નંદુરબાર પાસેથી ભરી લાવી વહન કરી અંકલેશ્વર ખાતે પોતાના ઘરે વેચાણ કરવાના ઈરાદે લઈ જતા એક બીજાની મદદગારી કરી, ગુનો કરેલ હોય જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપી વિરૂધ્ધ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

## (૨) ન્યાયિક કાર્યવાહી

આ કામે આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ /વોરંટ બજી જતા જેના અનસંધાને આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં તેઓને સી.આર.પી.સી કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીઓ વિરુધ્ધ હાલના ગુના સંબંધી આંક-૫ થી તહોમતનામુ ફરમાવી, આંક-૬ તથા આંક-૦૭ થી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે. નિર્દોષ છોડી મુકવા રજૂઆત છે

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

## ::- મુદાઓ ::-

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૬/૧૦/૨૦૨૦ ના રોજ આ કામના તહોમતદારનાઓ પોતાના કબજામાની મારૂની સુઝુકી ઝેન એલ એક્ષ ,ગાડી નંબર-એમ.એચ.૦૪ એ.એચ-૮૪૩૨ માં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલો નંગ-૧૧૪ કિંમત રૂપિયા ૫૯૦૪૦/- તથા ફોર વ્હીલ ગાડી કિંમત રૂપિયા ૩૫૦૦૦/- તથા મોબાઇલ નંગ-૦૨ કિંમત રૂપિયા ૬૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૦,૦૪૦/- ના પ્રોહી મુદમાલ સાથે કુલવાડી ચોકડી પાસે પકડાઇ જઇ તેમજ આ મુદામાલ સુરેશભાઇ અમ્રતભાઇ પાટીલ, રહે. નંદુરબાર પાસેથી ભરી લાવી વહન કરી અંકલેશ્વર ખાતે પોતાના ઘરે વેચાણ કરવાના ઈરાદે લઈ જતા એક બીજાની મદદગારી કરી,**ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ-૬૫(ઈ),૮૧,૯૮(૨)** મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| ૨. | શું હુકમ |

૫) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

## - કારણો -

(૬) <u>મુદ્દા નં. ૧ અને ૨:-</u>

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઇએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

(૬.૧) ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરીયાદપક્ષે સૌપ્રથમ **પંચ સાહેદ ચંપકભાઇ રાજીયાભાઇ વસાવાનાઓને આંક-૦૯**થી સોગંદ પર તપાસેલ છે.તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવે છે. મજકુર પંચસાહેદ તેમની જુબાનીમાં રેઇડ અંગે ના પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી.આમ, સદર પંચસાહેદોની જુબાનીથી **આંક-૧૦** વાળું રેઇડ અંગેનુ પંચનામું પુરવાર થતું નથી.

(૬.૨) ત્યારબાદ, ફરીયાદ પક્ષ ધ્વારા **આંક-૧૧ થી ફરીયાદી જગદીશભાઇ પાંચાભાઇ ભુતીયાના**ઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ-૧૬/૧૦/૨૦૨૦ ના રોજ હું તથા અ.હે.કો.વિજયસિંહ કાનાભાઇ તથા બીજા સ્ટાફના માણસો તથા બે પંચોના માણસો ૧.ચંપકભાઇ રાજીયાભાઇ તથા ૨.ઇન્દ્રવદનભાઇ રમણભાઇ નાઓ સાથે બાતમીદારથી મળેલ બાતમી આધારે થવા ચેકપોસ્ટ પર બેરીકેટ મુકી વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન ડેડીયાપાડા તરફથી બાતમી મુજબની ફોરવ્હીલ ગાડી આવતા તેને રોકી લઇ બીજી ગાડીઓ વડે બ્લોક કરી પકડી પાડેલ અને તેમાં સવાર ઇસમોના પંચો રૂબરૂ નામઠામ પુછતા પ્રથમ ઇસમે પોતાનું નામ ચેતનભાઇ ઉર્ફે જીતુ જગનભાઇ પટેલ, રહે. અંકલેશ્વર તથા બીજા ઇસમે પોતાનું નામ હેમંતભાઇ ઉર્ફે મુન્નો અશોકભાઇ ચૌધરી, રહે. અંકલેશ્વર ના હોવાનું જણાવેલ તેમના કબજાની ફોર વ્હીલ ગાડીમાં તપાસ કરતા પ્લાસ્ટીકના કોથળામાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ કુલ નંગ-૧૧૪ કિંમત રૂપિયા ૫૯,૦૪૦/- નો પ્રોહી મુદામાલ મળી આવેલ. તેમજ તેની અંગઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ નંગ-૦૨ કિંમત રૂપિયા ૬૦૦૦/- તથા ફોરવ્હીલ ગાડી જેનો રજી નંબર- એમ.એચ-૦૪-એ.એચ-૮૪૩૨ જેની કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૧,૦૦,૦૪૦/- નો મુદામાલ મળી આવેલ.જે અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૧૩/૦૦ થી કલાક ૧૪/૪૫ સુધીનું હે.કો. વિજયસિંહ કાનાભાઇ નાઓએ કરી પંચનામાની વિગતે પ્રોહી મુદામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ.સદર આરોપીઓને મુદામાલ બાબતે પુછતા તેઓ

આ મુદમાલ નંદુરબાર(મહારાષ્ટ્ર)બીયર બારમાંથી લાવી છુટક વેચાણ અર્થે લઇ જતા હોવાનું જણાવેલ. ત્યારબાદ સદર ગુનાના કામે અમોએ ફરીયાદ આપેલ આજરોજ મને સદર ફરીયાદ બતાવવામાં આવે છે. જે જોઇને કહું છું કે, તેમાં ફરીયાદી તરીકેની મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. સદર ફરીયાદ **આંક−૧૨** થી રજુ છે. ત્યારબાદ સદર ગુનાના કામે આગળની તપાસ અ.હે.કો.હે.કો.વિજયસિંહ કાનાભાઇ નાઓએ સંભાળેઇ અને આરોપીની અટક કરી ત્યારબાદ હાલના આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકું. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

તેઓની આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમિયાન તેઓએ એ વાતનો સ્વીકાર કરે છે કે,એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં અમો કેટલા વાગ્યે નીકળેલા તથા કયા વાહનમાં ગયેલ તે હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે, થવા ચેક પોસ્ટ વિસ્તાર વસ્તી વાળો છે. એ વાત ખરી છે કે, વસ્તીવાળુ ગામ હોવાથી પંચો સહેલાઇથી મળી રહે. એ વાત ખરી છે કે, ફરીયાદમાં ખાનગી વાહનોના નંબર લખાવેલ નથી. એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન ત.ક.અ ધ્વારા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, ત.ક.અ ધ્વારા બનાવ સમયે તેઓ પેટ્રોલીંગમાં હતા તે અંગેનો કોઇ આધાર પુરાવો તપાસ દરમ્યાન રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદામાલ મળી આવેલ નથી.

(૭) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીઓ પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા જાહેર જગ્યા છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા પંચોના નામ જણાવેલ છે. પરંતુ, સદર પંચો બનાવ વાળી જગ્યાના રહેલ નથી. વળી, તેઓએ સ્વીકાર કરેલ છે કે બનાવ વાળી જગ્યા પર થી પંચો સહેલાઇ થી મળી શકે, પરંતુ શા માટે બનાવ વાળી જગ્યા પર થી પંચો ને બોલાવેલ નથી આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા જાહેર જગ્યા આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુદિશા પણ બતાવવામાં આવે છે તેમજ આરોપી વિરુધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીના કબજામાં થી દારૂ મળી આવેલ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી જેથી પંચોની હાજરીમાં મુદામાલ

કબ્જે કરેલ હોવાની હકીકત સંબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી**, સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧ (૨૬) જી. એચ. જે. ૦૧)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યું ગણાય નહી. વધુમાં**, માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચસાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીંગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી. તે અંગેનો કોઈ રીર્પોટ ફરીયાદપક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદીની જુબાનીમાં ઉલટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતા તેઓ ધ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલ પંચસાહેદ તટસ્થ પંચસાહેદ છે. તેમ છતાં તેઓએ આરોપી પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન મળેલ ન હોય, તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસિઝર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૫(ઈ),૮૧,૯૮(૨) મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યે, મુદામાલ પાવતીમાં જણાવેલ તમામ પ્રોહીબીટેડ મુદામાલ દારૂ નો નાશ કરવો તેમજ મુદામાલ મોબાઈલો તથા વાહન અંગે જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલ મોબાઈલો તથા વાહન તેના મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિ.પ્રો.કોડ ની કલમ–૪૩૭(એ) ની જોગવાઇ મુજબ સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો તે સંદર્ભે ના છ માસ ના સમયગાળા માટે જામીન રજુ કરવા.

આ હુકમ આજ તા. ૨૪, માહે: જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ – નેત્રંગ
તારીખ – ૨૪/૦૬/૨૦૨૬.
સ્ટેનો: જે.જે.શાહ

(**હર્ષદ રાજાભાઇ ખમલ**)
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નેત્રંગ
**[GJ01749]**